[33] No. of printed page: 1

**SARDAR PATEL UNIVERSITY**
**B A (I Semester) Examination**
**Tuesday, 18th November 2014**
**2.30 – 5.30 pm**
**UA01CGLT01 - Paper No: I : Gujarati Literature (Old Course)**
**પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય ઝલકખંડ-૧**

**કુલ ગુણઃ ૭૦**

નોંધઃ જમણી બાજુ દર્શાવેલ આંકડા પ્રશ્નના ગુણ સૂચવે છે.

પ્ર.૧ પુર્વાપર સંદર્ભ આપી સમજાવો. **(ગમે તે ત્રણ)** (૧૫)

(૧) ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો, તુજ તોરો !

(૨) બેઉ કર જોડીને વીનવે : 'સ્વામી ! મૂકો અમારા કંથને,
અમો અપરાધી કાંઇ ન સમજયા, ન ઓળખ્યા ભગવંતને'

(૩) હરિના જન તો મુકિત ન માગે, માગે જનમોજનમ અવતાર રે.

(૪) ઓ રાણા ! એક રે વેલાને બે બે તુંબડા, તોય એના જુદા જુદા રે લેખ,
એક રે તુંબડુ સાધુના હાથમાં, બીજું ગયું રાવળિયાને ઘેર.

(૫) દીધા વિના કેમ પામીએ ? સુણ સુંદરી રે !

(૬) 'ઊઠો રે બળવંત, કોઇ બારણે બાળક આવિયો.'

પ્ર.૨ પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક ખંડ-૧ના અભ્યાસનિયત પદોને આધારે ભકિત શૃંગારના કવિ તરીકે દયારામને મૂલવો. (૨૦)

**અથવા**

પ્ર.૨ નીચેના કાવ્યોનું રસ દર્શન કરો.

(૧) 'અભિનવો આનંદ' (૨) 'ઘડપણ કોણે મોકલ્યું?'

પ્ર.3 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક ખંડ-૧'નાં અભ્યાસનિયત કાવ્યોને આધારે મીરાંની કૃષ્ણપ્રીતિ ઉદાહરણ આપી સમજાવો. (૨૦)

**અથવા**

પ્ર.3 નીચેના વિશે નોંધ લખોઃ

(૧) 'સુદામા ચરિત્ર' કડવું ૧૦ (૨) 'અભિનવો આનંદ'માં પ્રગટ થતું અખાનું ચિંતન

પ્ર.૪ નીચેનામાંથી **કોઈ પણ ત્રણ** પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (૧૫)

(૧) 'મુખડાની માયા લાગી રે' કાવ્યનો મુખ્યાર્થ સમજાવો.

(૨) લોચન અને મનને શાનો ઝઘડો છે ? તેનો ન્યાય કોણ અને કેવી રીતે કરે છે ?

(૩) 'વૈષ્ણવજન' પદમાં નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયા કયા ગુણ લક્ષણો ગણાવે છે ?

(૪) 'જળ કમળ છાંડી જા રે, બાળા' પદમાં નાગણીઓ બાળકૃષ્ણને પાછો વાળવા કયા પ્રયત્નો કરે છે ?

(૫) ' શાં શાં રૂપ વખાણું, સંતો રે' માં અખાને થયેલ અનુભવનું આલેખન કરો.

(૬) કહાનુડો શું જાણે મારી પીડ ? માં ગોપીની કઇ પીડા વ્યકત થઇ છે ?

☺☺☺